# ઉમેદવારો માટે જરૂરી સૂચનાઓ

(૧) ઉમેદવાર સરકારી ડીગ્રી/ડીપ્લોમા ઇજનેરી સંસ્થાઓ ખાતે સહાયક પ્રા./વ્યાખ્યાતાની જગ્યા માટે અરજી કરવા માટે ભરતી નિયમો મુજબ સંબંધિત વિધ્યાશાખામાં અનુસ્નાતક/સ્નાતકની પ્રથમ વર્ગની પદવી ધરાવતો હોવો જોઇએ.આ માટેની વધુ વિગતો જાહેરાતમાં દર્શાવેલ છે.

આ ઉપરાંત શિક્ષણ વિભાગના તા.૨/૬/૨૦૧૧ ના ઠરાવ મુજબ નીચેની વિધ્યાશાખાઓમાં કોરસ્પોન્ડીંગ(સંલગ્ન) બ્રાંચમાં મેળવેલ પદવી ધરાવનાર પણ અરજી કરી શકશે.પરંતુ આ કોરસ્પોન્ડીંગ(સંલગ્ન) બ્રાંચમાં ઉમેદવારની અરજી મૂળ વિધ્યાશાખાના ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો જ ધ્યાને લેવાશે.

| ક્રમ | ભરતી માટેની વિધાશાખા | સંલગ્ન વિધાશાખા |
|---|---|---|
| ૧. | એપ્લાઇડ મીકેનીકસ | સીવીલ એન્જીનીયરીંગ |
| ૨. | ફેબ્રીકેશન ટેકનોલોજી | પ્રોડકશન એન્જી./મેન્યુફેકચરીંગ એન્જી. |
| ૩. | કોમ્પ્યુટર એન્જી. | ઇન્ફોર્મેશન ટેકનોલોજી |
| ૪. | ઇન્ફોર્મેશન ટેકનોલોજી | કોમ્પ્યુટર એન્જી./ ટેકનોલોજી |
| ૫. | ટ્રાન્સપોર્ટેશન એન્જી. | સીવીલ ઇજનેરી કે જેમાં ટ્રાન્સપોર્ટેશન એન્જી.નો મુખ્ય વિષય(સ્પેશ્યલાઇઝેશન) |

(૨) આ જગ્યાઓ ઉપર અરજી કરવા માટે ઉમેદવાર ૩૫ વર્ષથી વધુ ઉંમરનો ન હોવો જોઇએ. એસ.સી./એસ.ટી./એસ.ઇ.બી.સી.. ના ઉમેદવારો તેમજ સરકારી/અર્ધસરકારી નોકરીમાં ચાલુ ઉમેદવારો માટે વય મર્યાદામાં પાંચ વર્ષની છૂટછાટ રહેશે

(૩) શૈક્ષણિક લાયકાત તથા વય મર્યાદામાં માટે કટ ઓફ તારીખ: ૩૧/૦૭/૨૦૧૩ રહેશે.

(૪) કરાર આધારિત વિધ્યાશાખાવાર ભરવાની થતી જગ્યાઓની સંખ્યાના આશરે ૩ ગણા ઉમેદવારોને બોલાવવામાં આવશે અને જેની એક હ્યુમન રીસોર્સ બેંક બનાવવામાં આવશે. શિક્ષણ વિભાગની કરાર આધારિત ભરતી કરવાની મંજુરી મળ્યા બાદ આ બેંકમાંથી જરુરિયાત મુજબ નિમણુંક કરવામાં આવશે. આ માટે વિધ્યાશાખાવાર અને અનામત કક્ષાવાર cut off માર્ક નક્કી કરવામાં આવશે. જેની NIC ની વેબસાઇટ (**http://ojas.guj.nic.in** and/or **http://ojas1.guj.nic.in)** અને CTE ની વેબસાઇટ (http://dte.gswan.gov.in) પર તા. ૨૭/૦૮/૨૦૧૩ ના રોજ મૂકવામાં આવશે.જેની જાણ NIC મારફતે SMS તથા જાહેરાતના માધ્યમથી કરવામાં આવશે. કટ ઓફ માર્કસ સુધીના ઉમેદવારોને નિમણૂંક માટે રૂબરૂ ઉપસ્થિત રહેવા વેબસાઇટ http://dte.gswan.gov.in, www.jacpcldce.ac.in પરથી માહિતી ઉપસ્થિત રહેવાનુ રહેશે. આ બાબતે કોઇ અલગથી જાણ કરવામાં આવશે નહી.

(૫) મેરીટના ધોરણે પસંદગી પ્રક્રિયા માટે રૂબરૂ મુલાકાતનો કાર્યક્રમ તા. ૨૯/૦૮/૨૦૧૩ થી તા. ૩૧/૦૮/૨૦૧૩ દરમ્યાન યોજવામાં આવશે. જેની જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવશે. NIC ની વેબસાઇટ (**http://ojas.guj.nic.in** and/or **http://ojas1.guj.nic.in)** અને CTE ની વેબસાઇટ (http://dte.gswan.gov.in) પર પણ તેની વિગતો જોઇ શકાશે.

(૬) ઓન લાઇન ફોર્મ ભરતી વખતે ઉમેદવારને જે ડીગ્રી એનાયત કરવામાં આવેલ હોય અને જેના ઉપરથી ગ્રેડ(ફસ્ટ કલાસ/ડીસ્ટીંગકશન વિગેરે) નક્કી કરવામાં આવતો હોય તેના આધારે માર્કસની ચોકસાઇ પૂર્વકની એન્ટ્રી કરવાની રહેશે. જે યુનિવર્સિટીના કિસ્સામાં માર્કસને બદલે CPI/SPI આપવામાં આવેલ હોય તેવા કિસ્સામાં ઉમેદવારોએ પોતાની યુનિવર્સિટીના ધોરણો અનુસાર CPI/SPI ને ગ્રેડ/માર્કસમાં રૂપાંતરિત(convert) કરી દર્શાવવાના રહેશે.જો કોઇ ઉમેદવાર ખોટી માહિતી આપશે તો તેની અરજી રદ થવાપાત્ર રહેશે. જે યુનિવર્સિટી દ્વારા CPI/SPI કનવર્ટની સ્પષ્ટતા કરવામાં આવેલ ના હોય તેવા કિસ્સાઓમાં AICTE ના ધોરણો મુજબ ટકાવારીની ગણતરી કરવામાં આવશે. પસંદગી પ્રક્રિયા સમયે રૂબરૂ મુલાકાત દરમ્યાન ઉમેદવારે આ બાબતે યોગ્ય આધાર રજૂ કરવાનો રહેશે.

(૭) ઓન લાઈન ફોર્મ ભર્યા બાદ રજીસ્ટ્રેશન કન્ફર્મ કરી બાર કોડેડ કન્ફરમેશન નંબર વાળા રજીસ્ટ્રેશન ફોર્મની પ્રિન્ટ કાઢી પસંદગી પ્રક્રિયાના રુબરુ મુલાકાતના સમયે સાથે લાવવાની રહેશે.

(૮) ડીગ્રી ઇજનેરી સંસ્થાઓ ખાતે સહાયક પ્રાધ્યાપકની જગ્યા માટે મેરીટ લીસ્ટ અનુસ્નાતક કક્ષાએ મેળવેલ પદવી માટે માન્ય ગુણના ૬૦ ટકા અને સ્નાતક કક્ષાએ મેળવેલ પદવી માટે માન્ય ગુણના ૪૦ ટકા લેખે ગણીને તૈયાર કરવામાં આવશે.

(૯) ડીપ્લોમાં ઇજનેરી સંસ્થાઓ ખાતે વ્યાખ્યાતાઓની જગ્યા માટે મેરીટ લીસ્ટ સ્નાતક કક્ષાએ મેળવેલ પદવી માટે માન્ય ગુણના આધારે તૈયાર કરવામાં આવશે.